# અભ્યંતર

abhyantar

ગઝલ સંગ્રહ

2

પ્રવીણ શાહ

Pravin Shah

# અભ્યંતર abhyantar

## ગુજરાતી ગઝલ સંગ્રહ- 2 એપ્રિલ, ૨૦૧૬

**પ્રકાશક અને કૉપીરાઈટ :**

પ્રવીણ હીરાલાલ શાહ

૨૯, ગિરીવન સોસાયટી,

ટાગોર નગર પાસે,

જૂના પાદરા રોડ,

વડોદરા 390007

મો : 9428761846

**Not for sale, for private circulation only.**

**E mail : shahpravin46@gmail.com**

**Blog : www.aasvad.wordpress.com**

વાગાર્થાવિવ સંપૃક્તૌ વાગર્થપ્રતિપત્તયે ।
જગત: પિતરૌ વન્દે પાર્વતીપરમેશ્વરૌ ।।

**ઋણ સ્વીકાર...**

બુધસભા- વડોદરા, ડૉ. રશીદ મીર,
ડૉ. કિશોર મોદી, ધૃતિ મોદી, કીર્તિકાંત પુરોહિત,
અશોક જાની, દિનેશ ડોંગરે, સુરેશ પરમાર,
ડૉ. દિલીપ મોદી, પંચમ શુક્લ, સુધીર પટેલ.
ડૉ. મહેશ રાવલ, ડૉ. વિવેક ટેલર, કિરણસિંહ ચૌહાણ,
નીરવ વ્યાસ, રતિલાલ સોલંકી, વિકાસ મહેતા,
ભરત ભટ્ટ, પથિક, પ્રતાપસિંહ હાકલ, એહમદ હુસેન,
અને જયવદન વશી
તથા અન્ય મિત્રો ને મારા પરિવારનો...

**અર્પણ.......**

વહાલા શૈવી, વિશ્રુત અને અદ્વૈતને

## બે બોલ...

‘અભ્યસ્ત’ પછી આ મારો બીજો ગઝલ સંગ્રહ છે.
જાન્યુઆરી, ૨૦૧૪ થી માર્ચ, ૨૦૧૬ સુધીમાં
લખાયેલ ગઝલો આ સંગ્રહમાં સામેલ કરી છે. ગઝલ
પ્રત્યે નિસ્બત, પ્રેમ, લગાવ, પછી રુચિ, ચિંતન, અને
હવે તો થોડો સર્જનનો મોહ જાગ્યો છે. ગઝલનું
સ્વરૂપ કંઇક અંશે પામવા હું સતત પ્રયત્નશીલ રહ્યો
છું. જે સમય અને સંજોગોમાંથી આજ પર્યંત હું
પસાર થયો છું તેની કડવી-મીઠી અનુભૂતિઓ
સંસ્મરણ રૂપે મારી ગઝલોમાં વ્યક્ત થઇ હશે.
પરિણામ સ્વરૂપ આજે હું મારા બીજા ગઝલ સંગ્રહ
‘**અભ્યંતર**’ રૂપે આપ સમક્ષ પ્રસ્તુત છું.
આપ સૌ ભાવકમિત્રોને મારો આ સંગ્રહ ગમશે,
તો મને ખૂબ આનંદ થશે.
-પ્રવીણ શાહ

# કાયમ હશે...

આજ આડે કાલ પણ કાયમ હશે,
અહીં સમયના દાવ પણ કાયમ હશે.

સૂર્ય જેવો સૂર્ય સાંજે આથમે,
દિન પછી તો રાત પણ કાયમ હશે.

કામ આખી જિન્દગી રહેવાનું છે,
ઊંઘ, ને આરામ પણ કાયમ હશે.

હસ્તરેખાઓ હશે છેવટ સુધી,
એમ તો બે હાથ પણ કાયમ હશે.

રક્ત વહેતું, દિલ ધડકતું રહે સદા,
લાગણીના સ્રાવ પણ કાયમ હશે.

000

# પૂછો નહીં...

કો’ પ્રમાદી ક્ષણ વિશે પૂછો નહીં,
ખાલી ઉડતા કણ વિશે પૂછો નહીં.

હોય ટોળે તોય ગૂપચૂપ લાગશે,
એકલા એ જણ વિશે પૂછો નહીં.

સાંજ આવી ઝાંઝવા સૌ પી ગઈ,
રણ વગરના રણ વિશે પૂછો નહીં.

જાળ જ્યાં-ત્યાં પાથરે છે એમને,
પંખીઓના ચણ વિશે પૂછો નહીં.

વાત પોતાની રીતે સમજી જજો,
વાક્યમાંના પણ વિશે પૂછો નહીં.

000

# સામેલ છે...

સાંજના શણગારમાં સામેલ છે,
રાતના દરબારમાં સામેલ છે.

ભાવભીની લાગણીથી તરબતર,
પ્રેમના વહેવારમાં સામેલ છે.

ચેતના-ચિંતનમહીં હાજર સદા,
હર હ્રદય-ઉદગારમાં સામેલ છે.

એ સકળ અજવાસનું કારણ બને,
ને સ્વયં અંધારમાં સામેલ છે.

જિન્દગીની દોર એના હાથમાં,
કાળના પડકારમાં સામેલ છે.

000

# ટપાલમાં વાંચી...

ખાનદાની ટપાલમાં વાંચી,
ઋત દીવાની ટપાલમાં વાંચી.

પહાડને કોરતા વહે ઝરણાં,
એ જુવાની ટપાલમાં વાંચી.

પુષ્પ રહે જ્યાં સદૈવ તાજાં,
એ ફૂલદાની ટપાલમાં વાંચી.

દિલ ઉમંગે ભરાયું ત્યારે,
પળ આસમાની ટપાલમાં વાંચી.

શબ્દ-સૌંદર્ય પાંગરે જ્યાં,
એ કાવ્યબાની ટપાલમાં વાંચી.

000

# એ ખોટું…

આ દિવસ એળે જાય એ ખોટું,
સાંજ વેળા પસ્તાય એ ખોટું.

સો નદીઓના નીર પીને પણ,
સાગરો ના છલકાય એ ખોટું.

છે બધે ફરવાની પવનને છૂટ,
કંઈક સાથે લઇ જાય એ ખોટું.

બાગ ખીલી ઉઠે ને એકાએક,
આ હવામાન બદલાય એ ખોટું.

હોઠ કંપીને ચૂપ થઇ બેસે,
ને ઇશારો' ના થાય એ ખોટું.

દર્દ ઘૂંટાતું રહે સતત દિલમાં,
ને ગઝલ ના લખાય એ ખોટું.

000

# ચાલ્યા કરો...

આંખથી છલકાવતા ચાલ્યા કરો,
દર્દને દફનાવતા ચાલ્યા કરો.

ઝાંઝવાની જેમ વહેવું ક્યાં સુધી,
વાદળાં વરસાવતા ચાલ્યા કરો.

ખૂબ ઘૃણા, દ્વેષ ને ઈર્ષા, હવે
પ્રેમને અજમાવતા ચાલ્યા કરો.

જનસમૂહને સહેજમાં સમજાય એમ,
જીવીને બતલાવતા ચાલ્યા કરો.

રીત ભૂલી ને બધી ભૂલી રસમ,
જિન્દગી મહેકાવતા ચાલ્યા કરો.

શબ્દ તો હળવે રહીને જાગશે,
મૌનને અપનાવતા ચાલ્યા કરો.

000

# ચૂપકી લગાવી લે...

હોઠ પર ચૂપકી લગાવી લે,
આંખ પરથી પરદો હટાવી લે

નહીં મળે આવા વ્હાલના મોતી,
શુષ્ક છે પાંપણો, સજાવી લે.

કંઇ ન આપે, સિવાય એક ઠોકર,
રસ્તે પથ્થર પડ્યો, ઉઠાવી લે.

હર પળે ઉમ્ર તો વધતી ચાલી,
આવતી ઇચ્છાને વધાવી લે.

શબ્દ આવી ઉભા છે તારે દ્વાર,
એક સારી ગઝલ લખાવી લે.

000

# લખજો ગઝલ...

એક પ્યાસી ક્ષણ વિશે લખજો ગઝલ,
ઓસના કામણ વિશે લખજો ગઝલ.

સ્થાન એનું વિશ્વમાં નહિવત હશે,
ધરતીના કણકણ વિશે લખજો ગઝલ.

સાગરોના તટ વિશે તો શું લખો!
ભીતરી કો રણ વિશે લખજો ગઝલ.

આમ તો છે જિન્દગી ઘટના ભરી,
શૂન્યતાની ક્ષણ વિશે લખજો ગઝલ.

પ્રેમ તો છે વેદની ઋચા સમો,
આપણી સમજણ વિશે લખજો ગઝલ.

આપણા સંબંધ તૂટે રોજ અહીં,
કાયમી સગપણ વિશે લખજો ગઝલ.

000

# ઉડવા લાગશે...

પાંખ મળતાં જીવ ઉડવા લાગશે,
ક્યાંક કૂણે દિલ ઉતરવા લાગશે.

જોઇ નમતા સૂર્યને અસ્તાચળે,
સાંજ પણ મદહોશ થાવા લાગશે.

ખુશ્બુ રૂપે શબ્દ લઇ આવે પવન,
મન પછી તો શેર કહેવા લાગશે.

કોઇનો જો સાથ હુંફાળો મળે,
પળમાં દિલની આગ ઠરવા લાગશે.

એક કાપો, પણ ઉગાડો વૃક્ષ ચાર,
વીજ ‘ને વાદળ હરખવા લાગશે.

સંતના ગુણો પ્રથમ અપનાવી લો,
વસ્ત્ર જે પહેરો એ ભગવા લાગશે.

000

# શું કહેશો તમે...

જોઇ ડહાપણ મારું, શું કહેશો તમે!
આડો-અવળો ચાલું, શું કહેશો તમે!

પ્હાડ ઉભા છે યુગોથી સ્થિર, એમ
હું તસુંય ના હાલું, શું કહેશો તમે!

ગમતિલો કે ના સરળ-સીધો, છતાં
સૌને માફક આવું, શું કહેશો તમે!

ઝંખના સૌ થઇ લીરા-ચીરા, અને
મન એનાથી ઢાંકું, શું કહેશો તમે!

ના કશી આશા કરી લેવા કદી,
કંઇક સૌને આપું, શું કહેશો તમે!

000

# મારી કથા...

સ્તબ્ધ થઇ જોતી રહી આખી સભા,
જ્યાં ગઝલમાં મેં કહી મારી કથા.

થઇ અધૂરો ઘટ, ઘરેથી નીકળ્યો,
જોઈ લો શું થઇ પછી મારી દશા.

હાથની રેખા વિષે પૂછો નહીં,
કર્મ મારા ભાગ્યને લખતાં હતાં.

મનનું દર્પણ હર પળે સામે રહ્યું,
હું મથ્યો બહુએ મને ભૂલી જવા.

શ્વાસ છેલ્લો મેં મૂકી દીધો હતો,
ચો-તરફથી એ પળે આવી હવા.

000

# એ પછી...

એક મીઠી યાદ આવી એ પછી,
ચાંદ લઈને રાત આવી એ પછી.

એ અહંકારી સૂરજ ડૂબતો રહ્યો,
શીત-લહર લઇ સાંજ આવી એ પછી.

રાત આખીયે પ્રતિક્ષામાં વીતી,
સૌ ઈબાદત કામ આવી એ પછી.

માવઠું એવું અસરકારક રહ્યું,
પ્રેમ-ભીની બહાર આવી એ પછી.

જઈ સભામાં શબ્દ હિલ્લોળે ચઢ્યા,
ને અરવની દાદ આવી એ પછી.

000

# વિશ્વાસ લઈને...

ઘડી બે થોભવું છે શ્વાસ લઈને,
ઘણું ચાલ્યો અડગ વિશ્વાસ લઈને.

સભાના મુખ ઉપર પણ પ્રશ્ન જોયા,
ગયો જ્યાં, પ્રશ્ન એવો ખાસ લઈને.

કરો બદનામ ના અંધારને આ,
ઉષા આવે ફરી અજવાસ લઈને.

ભલે દુઃખ હોય કે મનમાં ઉદાસી,
મળું છું સૌને હું ઉલ્લાસ લઈને.

ગઝલનું ચિત્ર મારે દોરવું'તું,
શબદ પાસે ગયો કેન્વાસ લઈને.

000

# જડ જેવો થઇ...

વચ્ચે ઉભો જડ જેવો થઇ,
સગપણમાં એ તડ જેવો થઇ.

ડાળ તૂટે તો તૂટવા દેશે,
પોતે ઉભો થડ જેવો થઇ.

અસ્સલને ઓળખવા ના દે,
ચહેરા પરના પડ જેવો થઇ.

ધીમે પગલે ચાલી શકશો,
એ પથરાયો દડ જેવો થઇ.

ઝાકળ એને વહાલું લાગે,
ઉગવા લાગે ખડ જેવો થઇ.

જગ બેસી વિસામો લેતું,
પોતે જીવે વડ જેવો થઇ.

000

# કહે એટલું...

હું લખું તો શું લખું ! કહે એટલું.
શું પૂછું શું ના પૂછું ! કહે એટલું,

મોતને પડકારવું સહેલું નથી,
હું મથું કે ના મથું ! કહે એટલું.

સર વિનાના ધડ ફરે છે શહેરમાં,
હું ફરું કે ના ફરું ! કહે એટલું.

મુજ અઢારે અંગ વાંકાં છે, છતાં,
હું ગમું કે ના ગમું ! કહે એટલું.

સ્વપ્ન આપી જિંદગી તો લઇ ગયો,
હું જીવું તો શું જીવું ! કહે એટલું.

આ ધરા પર મન હવે લાગે નહીં,
હું રહું તો ક્યાં રહું ! કહે એટલું.

000

# હોવું ટાળવું...

કેટલું દુષ્કર હશે મન વાળવું,
હોય ઈચ્છા, તોય હોવું ટાળવું.

હોય ધુમ્મસ, હોય દ્રશ્યો ધૂંધળા,
એ પળે ગમશે અરીસે ભાળવું.

વેદના બેસે ઘણીયે દૂર જઈ,
ભૂલશો, જો દર્દને પંપાળવું.

છાપરે મૂકી ઉદાસી એ પછી,
સાવ હું ભૂલી ગયો કંટાળવું.

એક પાછળ, બે કદમ આગળ રહું,
સ્થાન મારું એમ કાયમ જાળવું.

000

# ગણી છે આપણે...

કેટલી ઓછી ગણી છે આપણે,
જિંદગીને ખુદ હણી છે આપણે.

મોતને બસ દુરથી જોયા કર્યું,
જિંદગીને અવગણી છે આપણે.

છે હૃદય, પણ લાગણી એમાં નથી,
જિંદગી, ફોગટ ગણી છે આપણે.

ના ઝરૂખો, ગોખ કે ના ઓસરી,
જિંદગી કેવળ ચણી છે આપણે.

બીજ રોપ્યું, નીર સીંચ્યું કોઈએ,
જિંદગી કેવળ લણી છે આપણે.

સાવ બરછટ પોત કહેવાયું પછી,
જિંદગી કેવી વણી છે આપણે.

000

# તડકો બોલે...

તડાક કરતો તડકો બોલે,
પડછાયાને લઈને ખોળે.

પહેલા ફરશે ખેતર ખેતર,
જાય પછી એ પોળે પોળે.

દોડી દોડી થાકે તો, એ
સરવરમાં જઈ જાત ઝબોળે.

સામો આવે, પાછળ આવે,
છત્તરમાં એ કાણાં ખોળે.

વૃક્ષોમાં છુપાતો ફરશે,
વા' આવે -મલકાતો ડોલે.

માનવ એનો પાક્કો દુશ્મન,
એને તો પરસેવે તોળે.

000

# બનાવમાં આવે...

નિત્ય બનતા બનાવમાં આવે,
સ્હેજ વાતે તણાવમાં આવે.

સત્ય એણે છુપાવવું પડશે,
કોઇના જો દબાવમાં આવે.

કોઇને મળવું ના ગમે એને,
કોણ એના પડાવમાં આવે.

સૂર્યનો ભાવ કોણ પૂછવાનું,
આગિયા જો પ્રભાવમાં આવે.

ફેરવાશે પછી સિકલ એની,
જળ નદીના તળાવમાં આવે.

સૌની સાથે હળી મળી રહીએ,
એટલું જો સ્વભાવમાં આવે.

000

# એ કારણ હશે...

મુખ ઉપર પ્રસ્વેદ, એ કારણ હશે,
નાવ તળિયે છેદ, એ કારણ હશે.

દેહ ને મન, બેઉની હાલત જુઓ,
રોજ વધતો મેદ, એ કારણ હશે.

યુદ્ધ, સ્પર્ધા, દુઃખ અને અન્યાય પણ,
મન તણા છળભેદ, એ કારણ હશે.

જંગ એ જીતી ગયા અંતિમ પળે,
વાપરી'તી બેદ, એ કારણ હશે.

જિન્દગીને ખુદ અમે પ્યારી કહી,
ઉમ્રભરની કેદ, એ કારણ હશે.

પદ્યનો મહિમા થવાનો આજ પણ,
પૂર્વના ઋગ્વેદ, એ કારણ હશે.

000

# ચાલે નહીં...

જેવું તેવું તું લખે, ચાલે નહીં,
ડાયરી આખી ભરે, ચાલે નહીં,

બે ઘડી પણ માણજે આકાશને,
તારલા ગણતો રહે, ચાલે નહીં.

અંતમાં ધીરજ ફળે -કહેવાય છે,
આમ ઉતાવળ કરે, ચાલે નહીં.

ફૂલ ખીલે આંગણે ક્યારેક, ને
તોય નજરે ના ચડે, ચાલે નહીં.

જે થશે સારું થશે આગળ ઉપર,
એટલું મનને કહે, ચાલે નહીં.

000

# માગવું નથી...

બે હાથ જોડીશું પરંતુ માગવું નથી,
જે જોઈએ છે એ તમારે આપવું નથી.

ખોટા કરો ના વાયદા, બસ સ્વપ્નમાં રહો,
કારણ અમારે રાત આખી જાગવું નથી.

કુદરતની નીલી આંખમાં વાંચી લીધું અમે,
એથી વધુ કંઈ આપ વિષે જાણવું નથી.

ભક્તોને પાયું એ જ અમને પીવડાવજો,
આ વિષ દુનિયાનું અમારે ચાખવું નથી.

હો સારથી જો આપ તો વિચારવું પડે,
બાકી અમારે યુદ્ધ કોઈ માંડવું નથી.

000

# રમતો રહું...

પ્રેમ વશ તનહાઈમાં રમતો રહું,
ગુંજતી વનરાઈમાં રમતો રહું.

કેટલી યાદો સમાવી છે અહીં,
દિલ તણી ગહેરાઈમાં રમતો રહું.

તારલા સમ ટમટમું ધરતી ઉપર,
ઓસની અંગડાઈમાં રમતો રહું.

એક મીઠી થાય છે ગોષ્ઠી અહીં,
નિત્ય મુજ પરછાંઈમાં રમતો રહું.

રોમ રોમે સર્વદા તારું રટણ,
પ્રીતની અખિલાઈમાં રમતો રહું.

શૂન્યતા પણ શબ્દ થઇ વહેતી રહે,
વાઙ્મયી પુરવાઈમાં રમતો રહું.

000

# દર્પણ વિશે...

ટીખળ કરતા દર્પણ વિશે, જોગી.
શું કહેવું આ ઘડપણ વિશે, જોગી.

સમય જ કહેશે સઘળું એના વિશે,
પ્રેમ તણા આ પ્રકરણ વિશે, જોગી.

જે કંઇ થાય એ બસ જોયા કરવાનું,
સમજી લેવું કારણ વિશે, જોગી.

વાત કરી લે છે ભોળું મન ક્યારેક,
ભુલાઇ જતા પગરણ વિશે, જોગી.

રોજ નવા રૂપ ધરી આવે છે એ,
શું કહેવું આ સગપણ વિશે, જોગી.

000

# કોઇ આપણું...

હૂંફ આપે, જેમ કોઇ આપણું,
શબ્દ પાસે હોય ધીમું તાપણું.

પ્રેમ આજે કોણ ખુલ્લે મન કરે,
હોય દિલના કોઈ ખૂણે માપણું.

આમ તો કાયમ અલગ રૂપે મળે,
આગનું પણ હોય છે કદ વામણું.

શુષ્ક આંખો રોજ એ ભીની કરે,
હોય મીઠું કોઈનું સંભારણું.

હાથમાં તંબુર લઇ બેસી જવું,
એટલું સહેલું નથી મીરાંપણું !

000

# સથવારે જીવ્યો...

શબ્દોને સથવારે જીવ્યો,
ભાષાને સધિયારે જીવ્યો.

જીવનની હર પળ ઉજવી છે,
મોસમને દરબારે જીવ્યો.

ઉંચેરા મોજાં આલંબી,
ખળભળતી મઝધારે જીવ્યો.

કંઇક અકળ આ તનહાઈમાં,
યાદોને ગુંજારે જીવ્યો.

મન કહેવા ચાહે દુનિયાને,
એક હળવા ધબકારે જીવ્યો.

000

# અભાવ રાખ્યો છે...

દિલમાં થોડો અભાવ રાખ્યો છે,
સૌથી જૂદો સ્વભાવ રાખ્યો છે.

નાવને લાંગરી અમે બેઠા,
પણ નદીએ બહાવ રાખ્યો છે.

મન ફરે આમતેમ બેપરવા,
ક્યાં અમે કંઇ દબાવ રાખ્યો છે!

જિંદગી જાણે એક ઉપવન છે,
હર ઋતુએ પ્રભાવ રાખ્યો છે.

એમના દિલની વાત એ જાણે,
હા, અમે તો લગાવ રાખ્યો છે.

000

# રમતમાં રસ નથી...

ધૂપ-છાયાની રમતમાં રસ નથી.
આ જ તારી આવડતમાં રસ નથી.

દૂરથી એને અમે કરશું સલામ,
સાવ વ્યવહારુ જગતમાં રસ નથી.

કોઇ ઝાકળ, કોઇ પામે ઝાંઝવા,
તું કરે જે માવજત -માં રસ નથી.

જન્મ સાથે મૃત્યુની લખશે ઘડી,
લેખની એકે વિગતમાં રસ નથી.

સાચું શું ને ખોટું શું ? ના જાણીએ,
જિંદગી છે યંત્રવત -માં રસ નથી.

000

# છુપાવી જાય છે...

આંખમાં આંસુ છુપાવી જાય છે,
બે ઘડી સૌને હસાવી જાય છે.

એક ખાલી જામ રાખી હાથમાં,
રોજ એ મહેફિલ જમાવી જાય છે.

હોય જો અંધારનું વાતાવરણ,
તેજની જાજમ બિછાવી જાય છે.

પાણી પીવે રોજ જુદા ઘાટનું,
સૌની સાથે દિલ મિલાવી જાય છે.

જાય જો એ નફરતોના દેશમાં,
પ્રેમની હૂંડી લખાવી જાય છે.

દાદ મળશે કે નહીં પરવા નથી,
પ્રેમથી ગઝલો સુણાવી જાય છે.

000

# વલણ સારું નથી...

કોણ કહે છે કે વલણ સારું નથી,
તારું આવું આચરણ સારું નથી.

દર્દમાં પણ તું સદા હસતો રહે,
કેમ કહું આ શાણપણ સારું નથી.

કોઈનું સુખ જોઈ તું નાચી ઉઠે,
કહે બધા તો- ગાંડપણ સારું નથી.

મન તને લખવા કહે તારા વિષે,
તું કહે વાતાવરણ સારું નથી.

આમ તારું સાધુ બનવું યોગ્ય છે !
કહે છે કે આ અતિક્રમણ સારું નથી.

000

# હેરત પામ્યા...

લોકો ત્યારે હેરત પામ્યા,
દાનત એવી બરકત પામ્યા.

લાખ નિરાશા વળગી ત્યારે,
એક અનોખી હસરત પામ્યા.

ઉપર આભ ને નીચે ધરતી,
કેવી મોટી સવલત પામ્યા.

ભગવા પહેર્યાં માળા લીધી,
પ્રણામ સૌના દંડવત પામ્યા.

લખી અમે જ્યાં બે-ત્રણ ગઝલો,
ઘરમાં થોડી ઈજ્જત પામ્યા.

000

# આદત રાખી છે...

તંદુરસ્તીને સલામત રાખી છે,
ચાલવાની એક આદત રાખી છે.

ઘર સજાવ્યું છે વફા ને પ્યારથી,
દોસ્તોએ આજ દાવત રાખી છે

લક્ષ્ય પર પહોચું, ઇરાદો એ જ છે,
કોઇ પણ હો રાહ, નિસ્બત રાખી છે.

સર્વદા અખિલાઇ રમતી આંગણે,
છાંવ-ધૂપની ભવ્ય રંગત રાખી છે.

લોક એને જોઇ હેરત પામશે,
એટલે ઢળતી ઇમારત રાખી છે.

000



Poetry

Is

A

Dialogue

Between

The

Two

Hearts